# મહેસાણામાં કેતન પટેલના મોત બાદ પાટીદારોમાં રોષ

## આજે મહેસાણા બંધ : ચાપતો પોલીસ બંદોબસ્ત ગોઠવાયો





મહેસાણા, તા. ૬ મહેસાણામાં મોડી સાંજે પાટીદાર સંગઠનોએ બુધવારે મહેસાણા બંધનું એલાન આપ્યું છે. કેતન પટેલના મૃત્યુના સમાચાર મળતા અમદાવાદથી હાઈકોર્ટના એડવોકેટ બાબુભાઈ માંગુકીયા મહેસાણા સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. જ્યાં પંચનામુ કરી મૃતદેહને આવતીકાલે અમદાવાદ પોસ્ટમોર્ટમ કરવાનો નિર્ણય કરાયો હતો. મહેસાણા શહેર અને આસપાસના વિસ્તારોમાં ભારે આક્રોશની લાગણી પ્રસરી હતી. મહેસાણા ખાતે એક કાચા કામના કેદીનુ સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમ્યાન મોત નિપજતાં મૃતકના પરિવારજનો સગા-સંબંધીઓએ પોલીસ વિરૂદ્ધ ગંભીર આક્ષેપો કરીને જવાબદાર પોલીસ સામે કાયદેસરની કાર્યવાહી ન થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરતાં મામલો ભારે ગરમાયો છે.

જાણવા મળ્યા મુજબ મહેસાણા તાલુકા પોલીસ મથકે નોંધાયેલ ચોરીના ગુના સંદર્ભે કાચા કામના કેદી કેતન પટેલની તબિયત લથડતાં તેને સારવાર માટે મહેસાણા સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયો હતો. જેનુ સારવાર દરમિયાન મોત નિપજતાં મૃતકના પરિવારજનો, સગા-સંબંધીઓ સહિત પાટીદાર સમાજના લોકો હોસ્પિટલમાં ઉમટી પડ્યા હતા. અને પોલીસના મારથી મોત થયું હોવાનો આક્ષેપ કરી જવાબદાર પોલીસ સામે કાયદેસરની કાર્યવાહી ન થાય ત્યાં સુધી મૃતદેહ સ્વીકારવાનો ઈન્કાર કરી દીધો હતો. જેથી મામલાની ગંભીરતા સમજીને જિલ્લા વહિવટી તથા પોલીસતંત્રના અધિકારીઓ હોસ્પિટલમાં દોડી આવ્યા હતા.

બાદ મૃતક કાચા કામના કેદીના થયેલ મોત અંગે જિલ્લા પોલીસવડાએ વિસનગર ડીવાયએસપીને તપાસ કરવાનો હૂકમ કર્યો હતો. પોસ્ટમોર્ટમ રીપોર્ટ તથા તપાસ અહેવાલ પછી કાર્યવાહી થવા સંભવ છે. ત્યારે મૃતકના સગા વ્હાલાઓએ જવાબદાર સામે તુરત કાર્યવાહી થાય તેવી માંગ કરતા મામલો પેચીદો બન્યો છે. જો આ બાબતે યોગ્ય નહી થાય તો મહેસાણા બંધની પણ ચિમકી ઉચ્ચારવામાં આવી હતી. કાચા કામના કેદીનુ હોસ્પિટલમાં મોત થતા મૃતકના સગાવ્હાલાઓ, પાટીદાર સમાજે એક સૂરમાં તાકિદે જવાબદાર પોલીસ વિરૂદ્ધ પગલાં ભરવાની માંગ કરી છે. આથી મામલો ગંભીર બન્યો છે.

## ઉષા અને એનઆઈએફટી દ્વારા નિલમ યાદવને બેસ્ટ ગાર્મેન્ટ કન્સ્ટ્રકશન એવોર્ડ

ગાંધીનગર, તા. ૬

સિલાઈ મશિન ક્ષેત્રે દેશની અગ્રણી કંપની ઉષા ઈન્ટરનેશનલ લિ. અને એનઆઈએફટી દ્વારા તાજેતરમાં બેસ્ટ ગાર્મેન્ટ કન્સ્ટ્રકશન એવોર્ડ ૨૦૧૭નું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર સ્થિત આ ભવ્ય સમારોહમાં નિલમ યાદવને આ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. કંપની વર્ષ ૨૦૦૦થી આ પ્રતિષ્ઠીત એવોર્ડનું આયોજન કરે છે. આ સમારંભ યોજવા પાછળનો કંપનીનો મુખ્ય હેતુ યુવા પ્રતીભાઓને પ્રોત્સાહિત કરવાનો છે તથા તેમના ફેશન ડિઝાઈનિંગ ક્ષેત્રે આગળ વધી રહેલા યુવાઓને સહયોગ આપવાનો છે. ઉષા દ્વારા દર વર્ષે આ એવોર્ડ માટે ફેશન ડિઝાઈનિંગ સાથે સંકળાયેલી એનઆઈએફટીના ૧૨ કેન્દ્રોમાંથી એક એક વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવે છે.

ગાંધીનગર ખાતે યોજાયેલા આ સમારંભમાં નિલમ યાદવને આ એવોર્ડથી સમ્માનિત કરવામાં આવ્યા હતા. પુરસ્કારના સ્વરૂપે ઉષા જૈનોમ ડ્રીમ મેકર ૧૨૦ સીલાઈ મશીન, એક ટ્રોફિ, સર્ટિફીકેટ અને ૧૦૦૦૦ રૂપિયા રોકડનુ ઈનામ પ્રદાન કરવામાં આવ્યું હતું, આ કાર્યક્રમ દરમ્યાન સ્નાતકનું ભણી રહેલા તમામ વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી ડિઝાઈનો પ્રદર્શીત કરવામાં આવી હતી.

આ સહયોગ અંગે જણાવતા ઉષા ઈન્ટરનેશનલના માર્કેટિંગ-કૂકિંગ એપ્લાઈન્સીઝ અને સોઈંગ મશીનના વાઈસ પ્રેસિડન્ડ જયતી સિંહે જણાવ્યું હતું કે એનઆઈએફટી સાથે ગત ૧૭ વર્ષોથી અમે જોડાયેલા છીએ તે વાતનો અમે ગર્વ અનુભવીએ છીએ અને આ પુરસ્કારનું આયોજન કરવાનો મોકો અમને મળે છે તે વાતથી અમે ખુબ ખુશ છીએ. અમે એનઆઈએફટીને અમારો પુરતો સહયોગ આપતાં રહીશું તેવું જણાવતા તેમણે કહ્યું કે ફેશન ઉદ્યોગમાં અમે સતત નવી અને કલાત્મક પ્રતિભાઓને આગળ વધારવા માટે પ્રેરણા આપીએ છીએ.અને વિદ્યાથીઓને કલાત્મક પાંખો આપીને તેમને વધુ સશક્ત બનાવીએ છીએ.



### ખેડબ્રહ્મા નગરપાલિકાની નવીન એલઈડી બલ્બમાં ધુમાડા નિકળ્યા

ખેડબ્રહ્મા નગરપાલિકા દ્વારા તાજેતરમાં જ જુના હેલોજન બલ્બ હટાવીને લાખો રૂપીયાના ખર્ચે નવીન એલઈડી બલ્બ લગાડવામાં આવ્યા છે. જે બલ્બ દ્વારા નગરપાલિકાનુ લાઈટ બીલ ઓછુ આવવાનુ જણાવવામાં આવી રહ્યું છે. પરંતુ હલકી ગુણવત્તાના કારણે બલ્બ ૧૫ દિવસમાં જ બળીને ધુમાડા નિકળવા લાગ્યા છે. બે દિવસમાં વાસણા રોડ પર આવેલ હનુમાનજી મંદિર વિસ્તારમાં ત્રણ થી ચાર બલ્બ બળીને ખાખ થઈ ગયા હતા. આ ઉપરાંત લોકોના જણાવ્યા અનુસાર આ એલઈડી બલ્બ જોઈએ તેવુ અજવાળુ પણ આપતા નથી.

## પ્રાંતિજ સ્વામિનારાયણ મંદિર ખાતે ચંદનના વાઘા ધરાવાયા

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ મેન બજારમાં આવેલ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે ભીમ એકાદશીની ઉજવણી કરવામાં આવી હતી અને મંદિરમાં બિરાજમાન સર્વે દેવોને ચંદનના વાંધા ધરાવવામાં આવ્યાં હતા.

પ્રાંતિજ ખાતે આવેલ સુપ્રસિદ્ધ સ્વામિનારાયણ મંદિર ખાતે ભીમ એકાદશી નિમિત્તે મંદિરમાં બીરાજમાન શ્રી ધર્મ-ભ્મકિત હરિકુષ્ણ મહારાજ તથા રાધાકુષ્ણ દેવને મહંતસ્વામી પ્રાણજીવન દાસજી તથા શાસ્ત્રી સ્વામી ગોપાલદાસજીની રાહબરી હેઠળ પાર્ષદ દિનેશભાઈ તથા પાર્ષદ અનિરૂદ્ધ ભગતે ખુબજ મહેનત કરીને ચંદનના વાધાઓ ધરાવીને સર્વે હરિભક્તોને અલૌકિક દર્શન કરાવેલ હતાં અને મંદિરમાં ચંદન વાંઘા ધરાવેલ દર્શન કરવા માટે હરિભક્તોની ભીડ જામી હતી. પાર્ષદ નવલસિંહ વાધેલા દ્વારા હરિભક્તો માટે આયોજનની સાથે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી.

## આકરૂન્દની ડીઝીટલ સરકારી શાળાનુ શિક્ષણ ખાનગી શાળાના શિક્ષણને ટક્કર મારે તેવુ

**૮ જુને શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા આકરૂન્દ સરકારી શાળાની મુલાકાત લેશે : રાજ્ય સરકાર જ્ઞાનકુંજ પ્રોજેક્ટથી સરકારી શાળા ડીઝીટલ બનશે : સરકાર દ્વારા શાળાના રિનોવેશન માટે ૩૫ લાખની ગ્રાન્ટની ફાળવણી**

આકરૂન્દ, તા. ૬

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાનુ આકરૂન્દ ગામ જે ૫ હજાર વસ્તી ધરવાતુ રડીયામણું ગામની સરકારી શાળાની સ્થાપના ઈ.સ ૧૯૩૦માં થઈ હતી. જે શાળાના જમીનના દાતા સ્વ.રેવાબેન ખેમચંદ ગુલાબચંદ શાહ દ્વારા જમીન આપવામાં આવી હતી. જેનુ વિશાળ બાંધકામ ૧૯૭૮ની સાલ માં કરવામાં આવ્યું હતું. તેનુ બાધકામ જોઈને લાગે કે જાણે પ્રાઈવેટ શાળ હોય તેવુ સરસ બાંધકામની સાથે સુંદર શિક્ષણને લઈ સમગ્ર ગુજરાતમાં વખાણવા લાગી છે. જેમાં શિક્ષણ ક્ષેત્રે વર્ષ ૨૦૧૬-૨૦૧૭ રાજ્ય સરકાર દ્વારા બાળકો માટે નેશનલ મેરિટ કમ સ્કોલરશિપની પરીક્ષા લેવામાં આવી હતી.

જેમાં આકરૂન્દ સરકારી શાળા ૨૧ બાળકોએ પરીક્ષા આપી હતી. જેમાં બારોટ વૃંદનકુમાર ધનશ્યામભાઈએ જીલ્લામાં પ્રથમ ક્રમ મેળવીને શિક્ષણમાં સમગ્ર ગુજરાતમાં સરકારી શાળાનુ નામ રોશન કરીને શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાના હસ્તે સન્માનિત કરવામાં આવ્યો હતો. તેમજ આ શાળાના ૨૧ બાળકોએ પરીક્ષા આપી હતી.

જેમાંથી ૧૯ બાળકો પાસ થયા જેને લઈ શાળાના શિક્ષકોની કામગીરીને લઈ જીલ્લાની પ્રાઈવેટ શાળાના સંચાલક પણ આશ્ચર્ય પામી ગયા હતા. જેમાં રાજ્ય સરકારે આકરૂન્દની સરકારી શાળાના રીનોવેશન માટે ૩૫ લાખની ગ્રાંટની ફાળવણી કરીને રિનોવેશનની કામગીરી હાથ ધરવામાં હતી. જેમાં ધો.૭ અને ધો. ૮ના બન્ને રૂમો ડીઝીટલ કરવામાં આવશે. જે બન્ને રૂમો સીસીટીવી કેમેરા, ઓનલાઈન નેટ તેમજ સ્માર્ટ બોર્ડ (ચોકલેશ બોર્ડ)જેવી અધતન ટેકનોલોજીનો ઉપયોગ કરીને બાળકો સ્માર્ટ ટેકનોલોજી સાથે કનેક્ટ કરશે. તેમજ કોઈપણ રૂમોનુ લાઈવ ટેલીકાસ્ટ ઓનલાઈન જોવા મળશે.

### હિંસક બન્યું

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અસામાજિત તત્વો સાથે કડક વર્તન કરવાનો ઓર્ડર આપવામાં આવ્યો હતો. સીએમ મૃત્યુ પામેલા ખેડૂતના પરિવારને ૫-૫ લાખ અને ઘાયલ થયેલા લોકોને રૂ. એક લાખની મદદ જાહેર કરી છે.

આંદોલનકારી ખેડૂતોએ આ બંધ માટે 'ખુશહાલીના બે આયામ કર્જ મુક્તિ, પૂરા દામ' નું સ્લોગન આપ્યુ છે. આ પહેલા ભાજપા સરકારે ૨૦૧૪માં પોતાન ચૂંટણી ઢંઢેરામાં લખ્યુ હતુ કે, ખેડૂતોને તેમના પાકના મૂળ મુલ્ય કરતા ૫૦ ટકા વધુ મૂલ્ય અપાશે પણ સત્તામાં આવ્યા બાદ પાર્ટીએ વાયદો પૂરો કર્યો નથી.

મંદસૌરમાં ધરણા પર બેસેલા ખેડૂતો પર પોલીસે ફાયરિંગ કર્યું હતું, જેમાં ૨ ખેડૂતોની મોત થઈ છે. તેમજ ૩ ખેડૂતો જખ્મી થયા છે. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે આ ઘટનાને લઈ અધિકારીઓની તાત્કાલિક બેઠક બોલાવી છે. અનેક વિસ્તારોમાં ખેડૂત આંદોલનને પગલે ચીજોના ભાવ આસમાને પહોંચી ગયા છે.

રાષ્ટ્રીય કિસાન મજદૂર સંઘે આંદોલનને મોટુ સ્વરૂપ આપવાની ચેતવણી આપી છે. કિસાન મજદૂર સંઘે આ ઘટના બાદ બુધવારે પ્રદેશ વ્યાપી બંધની જાહેરત કરી છે. ખેડૂતોના પ્રદર્શનની વચ્ચે અલગ અલગ વિસ્તારોમાંથી ચીલઝડપના સમાચાર મળી રહ્યા છે. સુવાસરામાં ખેડૂતો અને વેપારીઓની વચ્ચે ઝપાઝપીનો કિસ્સો સામે આવ્યો છે. વેપારીઓએ વિરોધમાં અનિશ્ચિત સમય માટે સમગ્ર શહેર બંધ કરાવી દીધું છે.

આ પહેલા મંદસોરમાં ગુસ્સે થયેલ ખેડૂતોઓ દલૌદા સ્ટેશન પર રેલવે ફાટક તોડ્યું હતું. સાથે જ રેલવે પાટા પરની ફિશ પ્લેટ કાઢવાનો પણ ખેડૂતો પર આરોલ લાગ્યો હતો. તેમજ અન્ય સરકારી સંપત્તિઓને પણ નુકશાન પહોંચાડાયું છે.

મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે સોમવારે જણાવ્યુ કે, તેમની સરકાર હંમેશા ખેડૂતોના કલ્યાણ માટે કામ કરતી રહેશે. જે લોકો આંદોલન સમાપ્ત થવાની જાહેરાત બાદ હિંસા તેમજ ઉપદ્રવ કરે છે, તેઓ ખેડૂતો નથી, પરંતુ અસામાજિક તત્ત્વો છે.

ઉજ્જૈન બીએમ ડિવિઝનના કમિશનર ઝાએ ફોન પર જણાવ્યું છે કે, ઉગ્ર ખેડૂતોને નિયંત્રણમાં લેવા માટે પોલીસને ગોળીબાર કરવો પડ્યો હતો. તેમાં ઓછામાં ઓછા બે લોકોના મૃત્યુ થયા છે અને અમુક લોકો ઘાયલ થયા છે. ગોળીબારીની ઘટના અંદાજે બપોરે બે વાગે થઈ હતી.

### વ્યાજદર અંગે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

જીએસટીના અમલીકરણની અસરને લઈને નજર રાખવામાં આવનાર છે. જો કે, ઈન્ડસ્ટ્રી અને સરકાર દ્વારા માનવામાં આવે છે કે જીડીપી ગ્રોથમાં પ્રોત્સાહન આપવા રેટમાં ઘટાડો કરવામાં આવી શકે છે. ૨૦૧૬-૧૭માં જીડીપી ગ્રોથ ૮ ટકાથી ઘટીને ૭.૧ ટકા થઈ ગયો છે. આરબીઆઈના ગવર્નર ઉર્જિત પટેલના નેતૃત્વમાં છ સભ્યોની મોનિટરી પોલિસી કમિટિની બેઠક આજે શરૂ થઈ હતી. આવતીકાલે પણ બેઠક જારી રહેનાર છે. આવતીકાલે વ્યાજદરના સંબંધમાં નિર્ણય કરવામાં આવનાર છે. ૨૦૧૭-૧૮ માટેની બીજી દ્વિમાસિક નાણાંકીય નીતિ સમીક્ષા માટેના નિવેદનમાં કેટલાક પગલા લેવામાં આવી શકે છે. આરબીઆઈની પોલિસી સમીક્ષાની બેઠક ઉપર શેરબજાર, ઉદ્યોગ જગત અને અન્યોની નજર કેન્દ્રિત થઈ ગઈ છે.

### આકરા પ્રહારો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આપી હતી. આઝાદે કહ્યું હતું કે, મોદી સરકારના ત્રણ વર્ષ પૂર્ણ થયા છે. આ સરકાર કેટલી પણ ખુશી મનાવે, જાહેરાતો ઉપર કેટલા પણ પૈસા ખર્ચ કરે પરંતુ પ્રજા માટે ત્રણ વર્ષનો ગાળો નિરાશાજનક રહ્યો છે. ગુલામ નબી આઝાદે એક ન્યુઝ ચેનલના પ્રમોટર ઉપર સીબીઆઈના દરોડાનો ઉલ્લેખ કર્યો હતો અને કહ્યું હતું કે, હજારો, લાખો કરોડો રૂપિયા લઈને ભાગી ગયેલા લોકો સામે કાર્યવાહી થઈ રહી નથી. આઝાદે કેન્દ્રનો પબ્લિસીટી સરકાર ગણાવીને કહ્યું હતું કે, ત્રણ વર્ષના ગાળા દરમિયાન એસટી, એસસી, પછાત, લઘુમતિ, મહિલાઓ, ખેડૂતો ઉપર અત્યાચારમાં વધારો થયો છે. સહારનપુરમાં હાલમાં ભડકી ઉઠેલી હિંસાનો ઉલ્લેખ કર્યો હતો. આઝાદે આક્ષેપ કરતા કહ્યું હતું કે, સમગ્ર દેશના ખેડૂતો ત્રસ્ત થયેલા છે. મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશના ખેડૂતો આંદોલન કરી રહ્યા છે પરંતુ સરકાર તેમની વાત સાંભળવાના બદલે લાઠીચાર્જ કરી રહી છે. રોજગારીના વચનના નામ ઉપર મોદી સરકાર યુવાનો સાથે વિશ્વાસઘાત કરી રહી છે.

### વરસાદની આગાહી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

અગાઉની આગાહીની સરખામણીમાં વધુ સારો વરસાદ દેશમાં થઈ શકે છે. મોનસુની વરસાદ અંગે વિગતો આપતા તેમણે કહ્યું હતુંકે, દેશભરમાં વર્ષ ૨૦૧૭માં દક્ષિણ પશ્ચિમ મોનસુન સિઝન (જૂન-સપ્ટેમ્બર)માં લોંગ પિરિયડ એવરેજના ૯૬થી ૧૦૪ ટકા રહી શકે છે. દેશમાં મોનસુનની સિઝન સારી રહી શકે છે. એલપીએના ૯૮ ટકા સુધી વરસાદ થઈ શકે છે. ઉત્તર પશ્ચિમ ભારતમાં એલપીએના ૯૬ ટકા જ્યારે મધ્ય ભારતમાં એલપીએના ૧૦૦ ટકા જ્યારે દક્ષિણી દ્વિપમાં એલપીએના ૯૯ ટકા અને ઉત્તર પૂર્વ ભારતમાં એલપીએના ૯૬ ટકા વરસાદ થઈ શકે છે. દેશભરમાં વરસાદ એલપીએના ૯૬ ટકા રહી શકે છે. જુલાઈ મહિનામાં ૯૬ ટકા, ઓગસ્ટ દરમિયાન ૯૯ ટકા વરસાદ થઈ શકે છે.

### રિપીટ કરશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શંકરસિંહ વાઘેલાની નારાજગીએ રાજકીય ચર્ચા ઉભી કરી હતી. શંકરસિંહ વાઘેલા ઘણીવાર કહી ચુક્યાં છે કે, હું ભાજપમાં જવાનો નથી, પરંતુ તાજેતરમાં જ દિલ્હી ખાતે કોંગ્રેસના હાઈકમાન્ડ સાથે થયેલી મિટીંગ બાદ બાપુએ કહ્યું હતું કે, આજે તો હું કોંગ્રેસમાં જ છું. બાપુના આ નિવેદનને રાજકીય ગણતા ચર્ચા જાગી હતી કે, કોંગ્રેસ હાઈકમાન્ડ-બાપુ વચ્ચે નારાજગીનો હજુ સુધી અંત આવ્યો નથી.

### યથાવત રહેશે

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શહેરી પાણી પુરવઠાના સપ્લાયના અંતે પણ આ તફાવતના રૂ ૩૬ કરોડનુ ચુકવણુ બાકી છે.

રાજયના પાટનગરમાં પાણીની સમસ્યા વહીવટી અણઘડતાના લીધે વધુ જટીલ બની છે. એકબાજુ પાણીનો બગાડ અટકાવાની સુફિયાણી વાતો થાય છે. ત્યારે પાટનગરમાં જ રોજનુ લાખો લીટર પાણી વેટફાય છે. જયારે આ મહામુલા પાણીના ઉપયોગ સામે મામુલી વેરો ચુકવવા માટે પણ ઉદાસીનતા સેવાઈ રહી છે. ત્યારે છુટથી પાણીનો વપરાશ કરવામાં જરા પણ કચાશ ન રાખનારા કેટલાક જોડાણકર્તાઓને વેરો ચુકવવામાં પણ મોં વંકાય છે. જેના પરિણામે સેકટરો ઉપરાંત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ બાકીદારોની સંખ્યા વિશેષ છે. પાણી વેરાની વસુલાતમાં તંત્રના ચોપડે લાખોની ઉધારી છે. ગાંધીનગર શહેર ઉપરાંત કલોલ માણસાની પેટાવિભાગીય કચેરી જિલ્લાના ગામો ઉપરાંત નગરપાલિકાઓનો પણ વેરો બાકી છે.ત્યારે પાણીવેરાના મામલે ૧ હજાર કરોડથી વધુ માંગણુ હજુ બાકી હોવાનો આંકડો ધ્યાને આવ્યો છે. આવા સંજોગોમાં પાણી માટે પ્રતિહજાર લીટર દિઠ નિયત કરાયેલી કિંમત પણ ચુકવાતી નથી. પાણી માટે પાટનગર યોજના ભવને પ્રતિ ૧ હજાર લીટર દિઠ ગુજરાત વોટર ઈન્ફાસ્ટ્રકચર બોર્ડને રૂ ૬ ચુકવાના હોય છે. ત્યારે રૂ ૬ ના બીલની સામે પણ માત્ર રૂ ૩ ચુકવવામાં આવતા બીલની વસુલી સંદર્ભે પાટનગર યોજના ભવને પણ રૂ ૩૬ કરોડના તફાવતની ચુકવણી કરવાની બાકી છે. આ ઉપરાંત વેરા વસુલીનો આંકડો પણ અલગ છે. આવી જ રીતે વર્ષ ૨૦૦૭ થી સ્થગિત કરાયેલા જુના દરો સામે રાજયની ગ્રામ પંચાયતો તેમજ નગરપાલિકા તેમજ મહાનગરપાલિકા પાસેથી નિયત કરાયેલા દર મુજબ રૂ ૧ હજાર કરોડથી પણ વધુ રકમનો વેરો વસુલવાનો બાકી છે. જયારે આ વહીવટી અણઘડતા અને પાણીના સપ્લાયના મામલે આર્થિક નુકશાનીના લીધે પાણી પુરવઠા બોર્ડ દ્વારા આગામી તા ૭ જુનના રોજ નર્મદાના પાણીનો સપ્લાય પુરો પાડવામાં નહીં આવે જેથી સમગ્ર શહેરમાં પાણીનો સપ્લાય બંધ રહેશે એવી જાહેરાત કરવામાં આવી હતી પરંતુ બેઠકના અંતે પાણી પુરવઠો બંધ રાખવાનો નિર્ણય મુલત્વી રાખવામાં આવ્યો હોવાનું નિવેદનમાં જાહેર કરાયું હતું.


**The Centre for Entrepreneurship Development**
(A Government of Gujarat Organization)
ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થાન
CED Since 1979
H.O.: Block No.1, 9th Floor, Udyog Bhavan, Sector-11, Gandhinagar-382017
Ph.: 079-23247366, 23240253, 23243847 Fax: 079-23256679 Email: cor-ced@gujarat.gov.in
Website: www.ced.gujarat.gov.in

**વાહનો રેટ કોન્ટ્રાક્ટથી ભાડે લેવા એજન્સીઓની યાદી તૈયાર કરવા અંગે**

સીઈડી સંસ્થાની વડી કચેરીની કામગીરી માટે ચાર સીટની ક્ષમતા ધરાવતી એસી/નોનએસી કાર નાણાકિય વર્ષ ૨૦૧૭-૧૮ માટે ભાડે આપવા ઈચ્છુક ટ્રાવેલ એજન્સીઓ જે અધિકૃત/રજીસ્ટર્ડ અને સ્થાનિક હોય, જેની પાસે ઓછામાં ઓછી ૫ ગાડીઓ હોય અને આરટીઓ અધિકૃત કરેલ વાહન હોય, તેઓ પાસેથી ભાવપત્રકો મંગાવવામાં આવે છે. જેનો નમુનો www.ced.gujarat.gov.in પરથી મેળવી લઈ ટ્રાવેલ્સ કંપનીના લેટરહેડ ઉપર નિયત નમુનામાં જ અરજી કરી કચેરી સમય દરમ્યાન તા. ૧૭/૦૬/૨૦૧૭ સાંજે ૧૮:૦૦ કલાક સુધીમાં સીલબંધ કવરમાં "ટેક્ષી અંગેના ભાવપત્રક" દશાર્વી અત્રેની કચેરના ઉપરોક્ત સરનામે પહોંચતા કરવાના રહેશે.

- નિયામક



પરિશિષ્ટ-૧

**જાહેર નિવિદા**

**મનરેગાના વર્ષ ૨૦૧૬-૧૭ના સ્ટેચ્યુટરી ઓડિટની કામગીરી માટે**

ગ્રામ વિકાસ વિભાગ હસ્તકની ગાંધીનગર ખાતાની કમિશનર ગ્રામ વિકાસની કચેરીમાં મનરેગા યોજનાના વર્ષ ૨૦૧૬-૧૭ના સ્ટેચ્યુટરી ઓડિટની કામગીરી માટે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સંસ્થાઓ પાસેથી તા. ૧૭/૬/૨૦૧૭ સુધીમાં સીલબંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એ.ડી.થી ભાવપત્રક અલગ અલગ કવરમાં મંગાવાવમાં આવે છે. સ્કોપ ઓફ વર્ક તેમજ શરતો અને બોલીઓ અંગેની વિગતો અત્રેથી મેળવી લેવાની રહેશે. બંધ કવર ઉપર 'મનરેગા યોજનાના વર્ષ ૨૦૧૬-૧૭ના સ્ટેચ્યુટરી ઓડિટની કામગીરી માટેનું ભાવપત્રક' એમ સ્પષ્ટ લખવાનું રહેશે.

**સ્થળ : ગાંધીનગર** — **કમિશન ગ્રામ વિકાસની કચેરી**
**તારીખ ૬/૬/૨૦૧૭** — **બ્લોક નં. ૧૬/૩, ડો. જીવરાજ મહેતા ભવન**
**માહિતી/૬૮૧/૧૭-૧૮** — **ગાંધીનગર**



NRDWP કાર્યક્રમ

**જીલ્લા જળ અને સ્વચ્છતા યુનિટ (વાસ્મો), ગાંધીનગર**

બી-બ્લોક, ૫મો માળ, સહયોગ સંકુલ, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦, ફોન નં. ૯૯૭૮૪૪૭૨૦૨

યુનિટ મેનેજરશ્રી, જીલ્લા જળ અને સ્વચ્છતા યુનિટ-ગાંધીનગર (વાસ્મો) દ્વારા NRDWP કાર્યક્રમ હેઠળ ગાંધીનગર જિલ્લાના જુદા જુદા ગામોમાં પારદર્શકતા બોર્ડ, પાણી ગુણવત્તા ચકાસણી બોર્ડ અને ભીંતસુત્રોના લખાણની કામગીરી કરવા માટે પ્રતિ ચોરસ ફુટના ભાવો અનુભવી અને રસ ધરાવતા પેન્ટરશ્રીઓ પાસેથી વર્ષ : ૨૦૧૭-૧૮ માટે બંધ કવરમાં રજીસ્ટર પોસ્ટ એડીથી ભાવો મંગાવવામાં આવે છે. પેન્ટરશ્રી પાસે પાન કાર્ડ અને તે જ નામનું બેંક ખાતું હોવું જરૂરી છે.

- **કોરા ટેન્ડર કચેરીમાંથી આપવાની મેળવી લેવાની છેલ્લી તા. ૧૭/૬/૨૦૧૭ સુધી ૧૮.૦૦ કલાક**
- **ભાવો ભરી રજીસ્ટર પોસ્ટ એડીથી પરત મોકલવાની તા. : ૨૭/૬/૨૦૧૭ સુધી ૧૬.૦૦ કલાક**
- **કવર ઉપર ટેન્ડરની વિગત દર્શાવવી**

પેન્ટરશ્રીઓએ અત્રેની કચેરી સાથે કરારખત કરવાનું રહેશે. ભાવો મંજુર કરવા કે કેમ ? તે અંગેનો આખરી નિર્ણય યુનિટ મેનેજરશ્રી વાસ્મો ગાંધીનગરને અબાધિત રહેશે. વધુ માહિતી માટે ઓફિસમાં કામકાજના દિવસોએ રૂબરૂ મળી શકાશે.

માહિતી/૬૮૦/૧૭-૧૮



**જાહેર નિવિદા**

**કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પુરી પાડવા અંગે**

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર હસ્તકની ગાંધીનગર ખાતેની નિયામક, વિકસતી જાતિ કલ્યાણ ખાતાની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વ આનુષાંગિક સેવાઓ - સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીની સેવા પુરી પાડવા અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલા ટેન્ડરો સીલબંધ કવરમાં ફક્ત રજી. પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ફોર્મ મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૭.૦૦ કલાક વચ્ચે તા. ૧૪/૬/૨૦૧૭ સુધીમાં, નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતેથી મેળવી અલજી સાથે નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર કચેરીના નામનો રૂ. ૧૦૦૦/-નો ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે (ફરત નહીં ચુકવવાપાત્ર) ટેન્ડર ફીની ચુકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ ભાવપત્રક રજૂ કરવાનું રહેશે.

આ કામ અંગે પ્રીબીડ મીટીંગ તા. ૧૬/૬/૨૦૧૭ના રોજ ૧૬.૦૦ કલાકે નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર કચેરી ખાતે રાખેલ છે.

પૂર્વલાયકાત અને ભાવપત્રકના અલગ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૨૩/૬/૨૦૧૭ના રોજ ૧૭.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે ફક્ત રજી.પો.એ.ડી.થી મોકલવાના રહેશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું ગાંધીનગરને રહેશે. અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

સ્થળ : ગાંધીનગર — સહી/-
**તારીખ : ૩/૬/૨૦૧૭** — **(કે. જી. વણઝારા)**
**નિયામક, વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા., ગાંધીનગર**
**માહિતી/૬૭૧/૧૭-૧૮**